# જળસંચયનો રાજ્યવ્યાપી અભિયાનનો આરંભ

## પાણી જ પ્રગતિનો મુખ્ય આધાર છે : અભિયાન ગુજરાતમાં પાણીના દુકાળને ભુતકાળ બનાવશે : ૫૮માં સ્થાપના દિવસે રાજ્યવ્યાપી સુજલામ સુફલામ

ગાંધીનગર,તા. ૧
ગુજરાતના ૫૮માં સ્થાપના દિવસની આજે પરંપરાગતરીતે ઉજવણી કરવામાં આવી હતી. જુદા



જુદા કાર્યક્રમોનું આયોજન કરાયુંહતું. ગુજરાતના ગૌરવને યાદ કરી સિદ્ધિઓની પણ વાત કરવામાં આવી હતી. જુદા જુદા કાર્યક્રમોમાં પ્રધાનો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને સામાન્ય લોકો જોડાયા હતા. સ્વતંત્રતા સેનાનીઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૫૮માં ગુજરાત ગૌરવ દિવસે અંકલેશ્વરના કોસમડી તળાવથી રાજ્યવ્યાપી સુજલામ સુફલામ જળસંચય અભિયાનનો શુભારંભ કરાવતા કહ્યું હતું કે, સુજલામ સુફલામ જળસંચય અભિયાનથી ગુજરાત પાણીના દુકાળને ભૂતકાળ બનાવશે. જન-જનને વરસાદી પાણીના સંગ્રહ સાથે પાણીના એક એક બૂંદને પરમેશ્વરનો પ્રસાદ માની ઉપયોગ કરવાનું

**રાજ્યના સ્થાપના દિને મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આરંભાયેલ જળસંચય અભિયાનને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિતભાઈ શાહે બિરદાવી શુભકામનાઓ પાઠવી હતી. પ્રધાનમંત્રીએ ગુજરાતના વિકાસમાં જળસંચય અભિયાન યાદગાર બની રહેશે એમ જણાવ્યું હતું. રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહે પણ વિજય રૂપાણીના જળસંચય અભિયાનથી ગુજરાતમાં જળક્રાંતિ આરંભાશે એમ જણાવ્યું હતું**

આહવાન કરતા મુખ્યમંત્રીએ આ જળ અભિયાનમાં ગુજરાતનો પ્રત્યેક નાગરિક શ્રમદાન, સમયદાનથી જોડાઈને યોગદાન આપે તેવો સંકલ્પ કરવા પ્રેરણા આપી હતી. પાણી જ વિકાસનો આધાર છે, જો પાણી નહીં હોય તો વિકાસ અસંભવ છે, એવો સ્પષ્ટ મત વ્યકત કરતા મુખ્યમંત્રીએ ગુજરાતનું આ જળ અભિયાન દેશને નવો રાહત બતાવશે તેમ જણાવ્યું હતું. વિજય રૂપાણીએ વરસાદી પાણીના સંગ્રહ સાથે જ વરસાદ આવે પછી મોટા પાયે વૃક્ષો વાવવા, અને જળ અભિયાન દરમિયાન નદીઓના કાંઠાની સફાઈ કરી, નદઓને પુનર્જિવિત કરવા પણ અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીએ સમુદ્રના ખારા પાણીને ડિસેલિનેશન પ્લાન્ટ દ્વારા પીવાલાયક મીઠા બનાવવાના રાજ્ય સરકારના આયોજન તેમજ પાણીનો રી યુઝ કરી સાયકલ રિડ્યુસના અભિગમની પણ ભૂમિકા આપી હતી. વિજય રૂપાણીએ ભાડભુડ બેરેજ યોજના દ્વારા



આગામી દિવસોમાં ભરુચ વિસ્તારની પાણીની સમસ્યામાંથી પ્રજાજનોને કાયમી છુટકારો મળશે તેમ જણાવી આ કામગીરી ટેન્ડરિંગ પ્રક્રિયા સુધી પહોંચી હોવાનું પણ જણાવ્યું હતું. સ્વ. કનૈયાલાલ મુન્શીના વતન એવા ભરુચ ખાતેથી ભૂતકાળમાં તેમણે આરંભેલા વૃક્ષારોપણ અભિયાનની પવિત્ર ભૂમિ ઉપરથી જ આજે સુજલામ સુફલામ જળસંચય યોજનાનો પ્રારંભ થઈ રહ્યો છે તેમ પણ મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું. ગુજરાત રાજ્યની સ્થાપના બાદ વિષમ ભૌગોલિક પરિસ્થિતિ ધરાવતા ગુજરાતને વિકાસની રાહ ઉપર લાવવાનું ભગિરથ કાર્ય કરનારા મહાનુભાવો સહિત મહાગુજરાતની ચળવળના લડવૈયાઓ એવા નામી-અનામી અસંખ્ય લોકોએ ગુરાતને અગ્રેસર કરવામાં પોતાનું યોગદાન આપ્યું છે તેમ જણાવી મુખ્યમંત્રીએ તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની દીર્ઘદ્રષ્ટિને કારણે આજે ગુજરાત સમગ્ર દેશમાં દરેક ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા સાબિત કરી રહ્યું છે.

## મહેસાણામાં જળસંગ્રહ અભિયાનનો પ્રારંભ

મહેસાણા, તા. ૧
રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સ્થાપના દિન-૧લી મે-૨૦૧૮થી શરૂ કરીને સમગ્ર માસ દરમિયાન સુજલામ્ સુફલામ્ જળસંગ્રહ અભિયાન યોજવાનું નક્કી કરાયું છે. રાજ્યના પ્રત્યેક નાગરિકને આ કાર્યમાં જોડીને જનશક્તિના પ્રચંડ પુરૂષાર્થથી રાજ્યમાં ચોમાસા પહેલાં જળસંગ્રહ ક્ષમતા વધારવાનું આયોજન છે. મહેસાણા જિલ્લામાં નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ મહેસાણા તાલુકાના લાંઘણજ, વિજાપુર તાલુકાના કુકરવાડા અને વિસનગર તાલુકાના રંગાકુઈથી સુજલામ સુફલામ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.

નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજ્યના સ્થાપના દિવસે ગ્રામલક્ષી, ખેડુતલક્ષી અને પ્રજાલક્ષી ઉજવણી કરવાનું આયોજન રાજ્ય સરકારે જળસંચય અભિયાન થકી કર્યું છે. પાણી દરેક જીવ માટે જરૂરી છે જેથી રાજ્ય સરકારે રાજ્યની જનશકિતને જોડીને જળ બચાવવાના આ મહાઅભિયાનની શરૂઆત કરી છે. નાયબ મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાનમાં ૨૦૯૦ જેટલા કામો થવાના છે.

## વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓનો હેરીટેજ વોક

### હેરીટેજ વોક દરમિયાન વિદ્યાર્થીઓએ ડોક્યુમેન્ટરી ફિલ્મો બનાવી

ગાંધીનગર, તા. ૧
હેરીટેઝ એ માત્ર ઈતિહાસનું એક અંગ માત્ર નથી પરંતુ વિજ્ઞાન અને એન્જીનીયરીંગનું જીવંત ઉદાહરણ છે. ઈમારતોના બાંધકામમાં રહેલ એન્જીનીયરીંગથી માંડી એની પાછળ રહેલ વિજ્ઞાન આજના વિદ્યાર્થીઓ માટે એક કેસ સ્ટડીનો વિષય છે.

વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજ, ચાંદખેડા દ્વારા છેલ્લા ઘણા સમયથી હેરીટેજ વોક દ્વારા એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓમાં સાંસ્કૃતિક વારસા તથા ઐતિહાસિક સ્મારોકના જાળવણી અંગેની સમજ અને મહત્વ કેળવાય એવા પ્રયાસો થએલ છે. થોડા સમય પહેલા જ યુનેસ્કો તરફથી અમદાવાદને અપાયેલ વર્લ્ડ હેરીટેજ સીટી બિરુદની ઉજવણી પણ 'મસ્જીદ સે મંદિર તક'ની થીમ પર આયોજિત હેરીટેજ વોક દ્વારા યોજોયલ હતી. એ હેરીટેજ વોકના અનુસંધાનમાં ઈન્વિન્સીબલ (એનજીઓ) સાથે 'સ્થાપત્ય' નામે સ્પર્ધા યોજાઈ હતી જેમાં ૭૧ એન્જીનીયરીંગ વિદ્યાર્થીઓએ ૧૭ જેટલા હેરીટેજ સ્મારકો પર વિડીઓ ડોક્યુમેન્ટરી બનાવી. આ ડોક્યુમેન્ટરી મોબાઈલ ફોનમાં જ ૫ મિનિટની અવધી સાથે બનાવવામાં આવી. જેમાં જે તે સ્મારકના ઐતિહાસિક તથ્યો તથા સામાજિક મહત્વની રજૂઆત સાથે તેમાં રહેલ એન્જીનીયરીંગ લર્નિંગની છણાવટ સામેલ કરવા સાથે એન્જીનીયરીંગના લેવલે સમસ્યાઓના સમાધાનની ચર્ચા પણ ડોક્યુમેન્ટરીમાં વણી લેવામાં આવી હતી. આ હેરીટેજ વૉક દરમ્યાન યોજાયેલ સ્પર્ધામાં સરખેજ રોઝા, દાદા હરીની વાવ તથા ભદ્ર કોર્ટને કેન્દ્ર સ્થાને રાખીને બનાવેલ ૩ ડોક્યુમેન્ટરીઝ 'બેસ્ટ થ્રી' તરીકે વિજય થયેલ હતી.

સરખેજ રોઝા પર નિધિ વાઘેલા, કલગી વોરા, ધ્રુમીન ઠક્કર, હેલી શાહ, કીવીશા શાહના ગ્રુપે બનાવેલ ડોક્યુમેન્ટરીમાં વેબસાઈટ બનાવી વિવિધ ભાષામાં નોટીફીકેશન તથા માહિતી દ્વારા મુલાકાતીઓને મદદ કરી શકાય એવુ સુચન કરવામાં આવ્યું. સરખેજ રોઝા પર બનેલ વિજયી ડોક્યુમેન્ટરીની ગ્રુપ લીડર નિધિ વાઘેલાએ જણાવ્યું કે, 'સ્થાપત્ય ડોક્યુમેન્ટરી મેકિંગ કોમ્પીટીશન દ્વારા અમે ભારતીય સંસ્કૃતિની વધુ નજીક આવ્યા અને આપણા ભવ્ય વારસાને વધુ જાણતા થયા.'

દાદા હરીની વાવ પર ઝીલ પટેલ, રચના ચૌધરી, પીનલ ચૌધરી, સોનલ પટેલ અને સોનલ ગામીત દ્વારા સૂચવવામાં આવ્યું કે સદીઓથી પાણીનું સંરક્ષણ એ કોઈ પણ સમાજ માટે પ્રાથમિક બાબત રહી છે. વાવના નિર્માણ દ્વારા એ હેતુ સિદ્ધ થતો. આજના આ કપરા સમયમાં એવી સીસ્ટમ દ્વારા આ તાતી સમસ્યાનું નિરાકરણ કરી શકાય. દાદા હરીની વાવ પર બનેલ વિજયી ડોક્યુમેન્ટરીની ગ્રુપ લીડર ઝીલ પટેલ જણાવે છે કે, 'ઈતિહાસનું જ્ઞાન ઘણા રહસ્યો છતાં કરે છે. આપણા ઐતિહાસિક સ્મારકો આપણા પૂર્વજોના જ્ઞાનના પ્રતીકો છે. એમના સંરક્ષણ થકી પૂર્વજોના જ્ઞાનનું સરક્ષણ શક્ય બને છે. પાર્થ પાનસુરીયા, મોલવી ફૈઝલ, શ્રુતિ પટેલ, પ્રિયલ પટેલ, નિસર્ગ ચોકસી દ્વારા ભદ્ર કોર્ટ પરની ડોક્યુમેન્ટરીમાં એનએફસી, વીઆર હેન્ડસેટ તથા ઓડિયો સેટ દ્વારા ફોર્ટના વિવિધ ભાગો વિષે જે તે ભાગમાં માહિતી પ્રદાન કરી શકાય જેથી વધુ મુલાકાતીઓને આકર્ષી તેમને વધુ માહિતી આપી શકાય. ભદ્ર કોર્ટ પર બનેલ વિજયી ડોક્યુમેન્ટરીના ગ્રુપ લીડર પાર્થ પાનસુરીયાના કહેવા અનુસાર, 'આવી પ્રતિયોગીતા દ્વારા આપને સમાજમાં આપણા ભવ્ય વારસા તથા સંસ્કૃતિ પ્રત્યે જાગૃતિ લાવી શકીએ છીએ.'



**ગાજણ ટોલટેક્સ પ્લાઝા નજીક રૂ ભરેલ ટ્રકમાં શોર્ટશર્કિટથી આગ**

મોડાસા-શામળાજી રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા ગાજણ ટોલટેક્સ પ્લાઝા નજીકથી પસાર થતી રૂ (કપાસ) ભરેલી ટ્રકમાં શોર્ટશર્કિટથી આગ લગતા ટ્રક ચાલકે સમયસૂચકતા વાપરી ટ્રક રોડ સાઈડમાં ઉભી રાખતા થોડીક મિનિટોમાં આગમાં ટ્રક સ્વાહા થઈ ગઈ હતી. ટોલપ્લાઝા નજીક ટ્રકમાં આગ લાગતા વાહનવ્યવહાર થોડો સમય થંભી જતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. ટ્રકમાં આગ લાગવા બાબતે ફાયરબ્રિગેડ અજાણ હોવાની માહિતી મળી હતી.

## ગુજરાત ગૌરવ દિવસે મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજનાનો પ્રારંભ

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પ્રધાનમંત્રીના નયાભારતના નિર્માણના સંકલ્પને સાકાર કરવા યુવાશક્તિને રાષ્ટ્રહિતમાં દાયિત્વ નિભાવવા આહવાન કર્યું છે. તેમણે ૫૮મા ગુજરાત ગૌરવ દિવસે ભરૂચથી મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રી રૂપાણીએ ૫૮મા ગુજરાત ગૌરવ દિવસે યુવાશક્તિને કુળશતા કૌશલ્યવર્ધનની તાલીમ સાથે ઉદ્યોગોમાં રોજગારી માટેની મહત્વાકાંક્ષી યોજના મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજનાનું લોન્ચીંગ કર્યું હતું. તેમણે આ સાથે એલએનજી-એલપીજી સહાય યોજના તેમજ આરોગ્ય સુખાકારીની યોજનાઓનો પણ પ્રારંભ કરાવ્યો હતો.

### જશુભાઈના ધરણાં...

● ત્રીજા પાનાનું ચાલુ

સબંધ તથા સમાજના વ્યાપક સમર્થન જોતા લગભગ અમોને ૨૫ હજાર મત મળવાની સંભાવના હતી. પરંતુ હકીકતમાં ઈવીએમ દ્વારા અમોને માત્ર ૨૪૨ મત મળેલ દર્શાવેલ છે.જેથી ઈવીએમ મશીનમાં ગરબડ કરવામાં આવેલ હોય તેવી સંભાવના છે.જેથી ઈ.વી.એમ.મશીન સાથે લગાવેલ તમામ વીવીપેટ મશીનોમાંના મતપત્રોની ગણતરી કરવામાં આવે તો જ અમોને મળેલ સાચા મતોની જાણકારી થાય.તેથી તમામ ૧૮૨ બેઠક પરના તમામ વીવીપેટ મશીનોના મતોની ગણતરી કરવાની માંગણી કરેલ છે. ઉપરોકત માગંણીને અનુલક્ષીને ઉચ્ચકક્ષાએ લેખિત રજુઆત કરી છે. તેમજ આજરોજ ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે સવારે ૧૦ થી સાંજના ૬ કલાક સુધી પ્રતિક ધરણાનું અયોજન કર્યું હતું. જયારે ઉમેદવારની માંગણી અંગે ૩૦ દિવસમાં યોગ્ય નિકાલ નહીં આવે તો મુખ્ય ચુંટણી આયોગ નવી દિલ્હી ખાતે અચોક્કસ મુદતના ધરણા પર બેસવાનું આયોજન કરવામાં આવ્યું છે.

### ફેન્સીંગ કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અગાઉ દરખાસ્ત કરવામાં આવી હતી. જયારે આ દરખાસ્ત અન્વયે વિભાગ દ્વારા શહેરના મુખ્ય માર્ગોને ફેન્સીંગ કરવાનો નિર્ણય લેવાયો છે. જેમાં નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યાને ફેન્સીંગ હેઠળ આવરી લેવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. વન આરક્ષિત જગ્યાએ લોખંડના એંગ્લવાળી ફેન્સીંગ કરવા ઉપરાંત આંતરિક વિસ્તારની સફાઈ પણ કરવામાં આવશે. જયારે આ ઠેકાણે હરિયાળા વૃક્ષોની આસપાસ લોન તેમજ રંગબેરંગી ફુલો નિખરે તે મુજબ પ્લાન્ટેશન કરવામાં આવશે.જેમાં નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર ના કલરકોડને પણ ધ્યાને લેવામાં આવશે. જેમાં ઘ માર્ગ પર કેસરી અને ચ માર્ગ પર પીળા રંગના ફુલો નિખરે તે મુજબનુ આયોજન કરવામાં આવશે. શહેરના મુખ્ય માર્ગો પર ૧૪ કી મી ના વિસ્તારમાં નવી ફેન્સીંગ બનશે જયારે આ કામગીરી પાછળ રૂ ૨ કરોડનો ખર્ચ કરવામાં આવશે. વન આરક્ષિત જગ્યામાં સફાઈ ઉપરાંત વૃક્ષોને ટ્રીમીંગ પણ કરવામાં આવશે. આગામી ૧૫ દિવસમાં ફેન્સીંગનુ કામ શરૂ કરી દેવાશે. જયારે તબક્કાવાર સમગ્ર શહેરમાં જુની ફેન્સીંગ દુર કરી નવી ફેન્સીંગ કરી દેવાશે.

### માટીના નમુના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુધીના બેલ્ટમાં વાહનોની વિશેષ અવરજવર રહે છે. જયારે વિશાળકાય ઉદ્યોગભવન બિલ્ડીંગ પણ આ ઠેકાણે હોવાથી કર્મચારીઓની અવરજવર પણ વધુ રહે છે. નગરના હાર્દસમા વિસ્તારમાં પાર્કના લીધે રોડનેટવર્ક પણ અટપટુ બન્યુ છે. જયારે આવા સંજોગોમાં ટ્રાફિકનુ પ્રમાણ વધતા પીક અવર્સમાં વિશેષ ધમધમાટ જોવા મળે છે. જયારે સેન્ટ્રલ વિસ્ટાને ટ્રાફિકની અડચણથી મુક્ત રાખવા માટે આ ઠેકાણે ઓવર બ્રિજનુ નિર્માણ કરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા જરૂરી અભ્યાસ અને સર્વે હાથ ધરવામાં આવી રહયો છે. કોર્પોરેશન કક્ષાએથી આ માટે એજન્સીને જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં એજન્સી મારફતે ઘ-૪ સર્કલના માટીના નમુના લઈને લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલી દેવામાં આવ્યા છે. આ વિસ્તારમાંથી ૮ જેટલા નમુના લેવાયા છે. ઘ માર્ગને સમાંતર ઓવરબ્રિજ બનાવવાનુ આયોજન કરવામાં આવી રહયુ છે. ત્યારે આ પ્રોજકટ અન્વેય આખરી આયોજન કરવાનુ હજુ બાકી છે. જો કે આ કાર્યયોજના હાથ ધરાતા હજુ સમય લાગે તેમ હોવાનુ પણ મનાઈ રહયુ છે. શહેરના મુખ્ય માર્ગો પર અનેક વિધ સરકારી કચેરીઓ છે.જયારે આ સ્થિતિ વચ્ચે મુખ્ય માર્ગો પર સવારથી જ ટ્રાફિકનો ધમધમાટ શરૂ થઈ ગઈ છે. ત્યારે ઘ માર્ગને સમાંતર સર્વિસ રોડ બનાવવાની યોજના પણ હજુ અધ્ધરતાલ છે. ત્યારે સર્વિસ રોડને અનુલક્ષી જમીન ફાળવણીનો પ્રશ્ન પણ ગુંચવાયેલો છે.

### શાકભાજી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડૉ. રાણાએ જણાવ્યુ હતુ કે આ ઉપરાંત સ્વીટ્સ અને નમકીનમાં પણ વધુ નવ પ્રોડક્ટ્સ બજારમાં મુકી અમે ગુણવત્તાયુક્ત ગાંધીનગરના સૂત્રને સાકાર કરીશુ. ગાંધીનગર શહેર અને જિલ્લામાં ૩૮ આઉટલેટ્સ મધુરના આવેલા છે.

ઓર્ગેનિક વેજીટેબલ અને દૈનિક વપરાશ અંગેના પુછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં ડેરીના પ્રોજેક્ટ ઈન્ચાર્જ બીપીન ભટ્ટે જણાવ્યુ હતુ કે ગાંધીનગર શહેર ઉપરાંત પેથાપુર, કુડાસણ, રાયસણ, વાવોલ સહિતના ગામોમાં પાંચ લાખ લોકોનો ખર્ચ સર્વે કર્યો હતો. આ સર્વે એપ્રિલ માસમાં કરવામાં આવ્યો હતો.

તેમણે જણાવ્યુ હતુ કે અમારી પાસે સઘન વિતરણ વ્યવસ્થા ઉપલબ્ધ હોવાથી અમે હાલના બજારમાં ૧૦ ટકા જ હિસ્સો મેળવવાની ગણતરી સાથે આગળ વધી રહ્યા છે. સંપૂર્ણ ઓર્ગેનિક વેજીટેબલ આપવામાં ત્રણ વર્ષનો સમય લાગશે પણ ઓર્ગેનિકથી પકવેલા શાકભાજી અમે ઝડપથી બજારમાં લઈ પ્રવેશ કરીશુ.

ડેરીના મેને. ડિરેક્ટર રોહિત મહેતાએ સંસ્થા દ્વારા હાથ ધરાયેલ વિવિધ પ્રોજેક્ટ્સ અંગેની રૂપરેખા આપી હતી.

ડેરીના ચેરમેન ડૉ. રાણાએ જણાવ્યુ હતુ કે ડેરીનું ટર્નઓવર ૫૦૦ કરોડનું છે. જે ૨૦૨૨ સુધીમાં ૧ હજાર કરોડ કરવાનો લક્ષ્યાંક છે. દૂધ ઉત્પાદકો અને ખેડૂતોને તેમના ઉત્પાદનોના પોષણક્ષમ ભાવ મળે તે જ અમારો મુખ્ય હેતુ છે અને રહેશે. ડેરી તેના ઉત્પાદનોની ગુણવત્તામાં ક્યાંય કોઈ પણ પ્રકારની બાંધછોડ કરશે નહિ.

### સમયસર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આસપાસ આવેલા સર્કલો અને બગીચાઓમાં ટહેલવા નીકળી પડે છે. ઉનાળાની સિઝન દરમ્યાન ગાંધીનગરાઓ દિવસે ભલે ઘરમાં પુરાઈ રહે પરંતુ રાત્રે તેઓ શહેરની રોનકમાં વધારો ચોક્કસ કરે છે.

અહીંના વિશિષ્ટ ભૌગોલિક સ્થાનના કારણે રાત્રે ગરમીમાં કંઈ ખાસ રાહત મળતી નથી. રાજકોટ-જામનગર જેવા શહેરોમાં દિવસે ભલે કાળઝાળ ગરમી પડી હોય પરંતુ સાંજ પડતાં જ ઠંડા પવનો ફૂંકાવા લાગે છે અને શહેરીજનો ગરમીથી રાહત મેળવે છે તેમ અહીં ઠંડા પવનો ફુંકાતા જ નથી. પવન ફુંકાય તો પણ તે ખુબ ગરમ હોય છે. ક્યારેક તો લુ પણ દિવસ-રાત ફુંકાય છે. તોબા-તોબા કરાવી દે તેવી ગરમી અહીં પડતી હોવા છતાં ગાંધીનગરના નગરજનો તેને પણ શહેરની એક આગવી તાસીર માની લઈ સ્વિકારી લે છે.

### કલેક્શન

● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૧.૪૭ લાખ ડિલરોએ રિટર્ન દાખલ કર્યા છે. જો કે, ૩૯.૪૦ ટકા છે. ૫૭૯ કરોડ રૂપિયા ટેક્સ આપ્યા છે. આની સાથે જ કુલ આંકડો ૧.૦૩ લાખ કરોડ જીએસટીમાં સામેલ છે. નાણામંત્રાલયનું કહેવું છે કે, જીએસટી રેવન્યુમાં ઉછાળો અર્થવ્યવસ્થામાં વધારો કરવા અને વધુ સારી સ્થિતિને દર્શાવે છે. એપ્રિલ ૨૦૧૮માં ગ્રોસ જીએસટી રેવન્યુ કલેક્શનનો આંકડો આશાસ્પદ રહ્યો છે. જે પૈકી સેન્ટ્રલ જીએસટીનો આંકડો ૧૮૬૫૨ કરોડ, સ્ટેટ જીએસટીનો આંકડો ૨૫૭૦૪ રૂપિયાનો રહ્યો છે. આવી જ રીતે ઈન્ટેગ્રેટેડ જીએસટીનો આંકડો ૫૦૫૪૮ કરોડનો રહ્યો છે. સેસનો આંકડો ૮૫૫૪ કરોડ રહ્યો છે. નાણા મંત્રી અરુણ જેટલીએ રેકોર્ડ જીએસટી કલેક્શન કરવા બદલ તમામ સંબંધિતોને અભિનંદન પાઠવ્યા છે અને આ બાબતને ઐતિહાસિક સિદ્ધિ તરીકે ગણાવી છે. જેટલીએ કહ્યું છે કે, આર્થિક પ્રવૃત્તિ દેશમાં વધી રહી છે તે આ આંકડા દર્શાવે છે. જેટલીનું કહેવું છે કે, તમામ કરદાતાઓને પણ તેઓ અભિનંદન આપે છે. નાણા મંત્રાલયે જેટલીના નિવેદનને લઈને ખુશી વ્યક્ત કરી છે. જીએસટી કાઉન્સિલની બેઠક ચોથી મેના દિવસે મળનાર છે ત્યારે આ બેઠકમાં પણ આ પાસા ઉપર ચર્ચા થશે. આંતરરાજ્ય મુવમેન્ટ માટે ઈ-વે બિલને પહેલી એપ્રિલથી અમલી કરવાની તૈયારી કરાઈ હતી. આર્થિક ગતિવિધિમાં વધારો થઈ રહ્યો છે. જીએસટી રેવન્યુમાં વધારો ઈ-વે બિલ લાગૂ કરવા સાથે પણ સંબંધિત છે. કરચોરી વિરોધી પગલા હાલના સમયમાં ભરવામાં આવી રહ્યા છે.

### વાંચ્યા વિના

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપની સામે બેસવાના અધિકાર અમારી પાસે નથી. મોદીએ રાહુલને ૧૫ મિનિટના પડકારને સ્વિકાર કરતા કહ્યું હતું કે, રાહુલને તેઓ પડકાર ફેંકે છે કે, હિન્દી, અંગ્રેજી અથવા તો તેમની માતા સોનિયા ગાંધીની ઈટાલીની ભાષામાં પણ માત્ર ૧૫ મિનિટ કાગળ લીધા વગર રાજ્ય સરકારની સિદ્ધિઓ રાજ્યના લોકોની વચ્ચે રાહુલ ગાંધી જો વાંચી બતાવે તો રાજ્યની પ્રજા સમજી જશે કે તેમની વાતમાં દમ છે. આ ભાષણ દરમિયાન રાહુલ ત્રણ વખત વિશ્વ સરૈયા પણ બોલીને પણ બતાવે. રાહુલ ગાંધી નામદાર છે અમે કામદાર છીએ. નામદારની વાતોથી અમને પીડા થતી નથી. કારણ કે, આ પીડા સદીઓથી ઝેલી રહ્યા છીએ. કર્ણાટકમાં ભ્રષ્ટાચાર ચરમસીમા ઉપર હોવાની વાત કરતા મોદીએ કહ્યું હતું કે, અહીં બે પ્લસ એકની ફોર્મ્યુલા ચાલી રહી છે. રાજ્યના મુખ્યમંત્રી બે જગ્યાએથી ચૂંટણી લડી રહ્યા છે. એક સીટ પર પહેલા પણ લડી ચુક્યા છે પરંતુ આ વખતે પોતાના પુત્રની પણ મુખ્યમંત્રીએ બલી આપી દીધી છે. તેમને એવો ડર છે કે, કોઈ જગ્યાએથી પરિવારની વિરાસત હાથમાંથી નિકળી જશે. મોદીએ કહ્યું હતું કે, કર્ણાટકમાં ભાજપની હવા નહીં બલ્કે આંધી છે. અમારી સરકારે દેશના ૧૮૦૦૦ ગામડાઓમાં વિજળી પહોંચાડી દીધી છે. ૨૮મી એપ્રિલનો દિવસ ઈતિહાસમાં હંમેશા યાદ રહેશે. મણિપુરના લિસાન ગામમાં વિજળી પહોંચાડતાની સાથે જ દેશના તમામ ગામોમાં વિજળી પહોંચાડવાનું કામ પૂર્ણ થઈ ગયું છે. કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધી ઘણી વખત ઉત્સાહમાં ઘણી મર્યાદા તોડી નાંખે છે. મજુર દિવસના પ્રસંગે ૧૮૦૦૦ ગામડામાં વિજળી પહોંચાડનાર લોકો માટે કોઈ શબ્દની વાત કરી હોત તો લોકોને રાહત થઈ હોત પરંતુ રાહુલ નામદાર છે કામદાર નથી જેથી તેમની પાસેથી અપેક્ષા કરવી યોગ્ય નથી.

### ચેક પર

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિકલ્પ તરીકે છે. પરંતુ સરકાર જે રીતે ગુપ્તરીતે નિર્ણય ફરજિયાત કરી દે છે તે જોતા આ જો ફરજિયાત થઈ જશે તો કોઈ આશ્ચર્ય થશે નહી. જ્યારે ખરીદનાર અને વેચનાર બન્ને પાર્ટીના એકાઉન્ટ નંબર, પેન કાર્ડ નંબર આધાર લિન્ક છે ત્યારે ચેક પર આધાર નંબર લેવાની પાછળ સરકારનો હેતુ શુ છે. સરકાર દ્વારા આની પાછળના હેતુ સ્પષ્ટ કરવામાં આવે તે જરૂરી છે. સિન્ડિકેન્ટબેંકના પૂર્વ નિર્દેશક અનંત પંડિતે કહ્યુ છે કે બન્ને પાર્ટીઓ દ્વારા જ્યારે બિલિંગ કરવામાં આવ્યુ છે ત્યારે કામ પૂર્ણ થયુ છે. હવે જો આધાર નંબર પુછવામાં આવે છે તો ડરવાની શુ જરૂર છે. હકીકતમાં આ બાબત થોડાક સમય માટે હાથ ધરવામાં આવનાર છે. સિસ્ટમમાં તમામ બાબતો ગોઠવાઈ જાય તેવા પ્રયાસ કરવામાં આવ રહ્યા છે. તેને ફરજિયાત કરવાનો કોઈ પ્રશ્ન નથી. કેટલાક લોકોનુ કહેવુ છે કે સરકાર વેપારીઓનુ કામ કરવાના બદલે તેમના કામને વધારી રહી છે. આનો જોરદાર વિરોધ હવે શરૂ થઈ જાય તેવી શક્યતા છે.

### નાયકો દ્વારા

● પાંચમા પાનાનું ચાલુ

માંગણી ઉઠવા પામી સે રાત્રીના આઠ વાગ્યા થી અગિયાર બાર વાગ્યાના સમય સુધી ભૂખ્યા રહી આકોલી દરબાર ગઢ માં સ્વચ્છતા .સામાજિક કુરિવાજો .વ્યસન મુક્તિ અને માનવ ધર્મ નો પ્રચાર પ્રસાર કરનાર પોપટલાલ નાયક .નારણભાઈ નાયક .મહેન્દ્ર નાયક .શબાભાઈ નાયક .જીતુ નાયક .શાંતિલાલ નાયક અને ટીમ પ્રાંતિજ ના મૌસા થી કાંકરેજ ના આકોલી ગામે એમના વડવાઓ થી પાનસો દસ વરસ થી આવી ભવાઈ કરી માતાજી નો ગરબો કરી પોતાના કુટુંબ નું ભરણ પોષણ કરેસે ત્યારે અત્યારના સમય સંજોગો પ્રમાણે લોક શાહી મા આવા ગરીબ પરિવાર ના જીવનના નિર્વાહ માટે કોઈ ઠોસ પગલાં ભરી આવા નાયક હિન્દુ તરગાળા માટે ખાસ પેકેજ ની વ્યવસ્થા કરવા મા આવે એવું મીડિયા સાથે ની વાતચીત મા પોપટલાલ નાયકે જણાવ્યું હતું .આમ આકોલી ગામે ભારત દેશ ની પરમ્પરાઓં ની એક ઝલક ગુજરાત કી શાન રાજપૂત સમાજ ની જોવા મળી હતી .હજારો વર્ષ થી ચાલતી આ પરમ પરા અને જન જાગ્રુતિ નું એક અંગ ગણાતા આવા તરગાળા નાયક તરીકે આગવી ઓળખ ધરાવે છે.

### ગુલમહોર

● ચોથા પાનાનું ચાલું

પડવા લાગ્યું. મેડિકલ ટેસ્ટમાં કમળો હોવાનું નિદાન થયું. બીમારી લાંબી ચાલી. નસરીન હવે આખો વખત સાહિલની સારસંભાળ અને દેખરેખમાં જ પરોવાયેલી રહેવા લાગી હતી. સાહિલ તો થોડા થોડા દિવસોના અંતરે માંદગીમાં પટકાવા લાગ્યો.

આખરે એક દિવસ ડૉક્ટરે કહી દીધું કે ''સાહિલની બૉડીમાં રક્તકણો ઓછા થઈ ગયા છે. એને થેલેસેમિયા છે.''

આ સાંભળીને તો નસરીનના માથે જાણે વીજળી તૂટી પડી હતી. મકબુલ પણ દુ:ખી દુ:ખી થઈ ગયો હતો. મા-બાપ જાણતા હતા કે આ એક ખર્ચાળ બીમારી છે. જેનો ઈલાજ માત્ર અને માત્ર પૈસા જ છે. મકબુલ ઘરનો ગુજારો થઈ જાય એટલું કમાઈ લેતો હતો. ઘણી વાર ઘરખર્ચ કરતાય ઓછી આવક રહેતી, એટલે તો નસરીનને ઘર બહાર જવાની ફરજ પડી હતી. એમાં વળી દવાઓ-સારવારનો ખર્ચ વધ્યો હતો અને હવે તો થેલેસેમિયા. બે-ત્રણ મહિને સાહિલના શરીરનું લોહી બદલવાની પ્રક્રિયા કરવાની આવી હતી.

સાહિલની જિંદગી બચાવવા માટે બ્લડ ટ્રાન્સફ્યુઝન એક માત્ર ખર્ચાળ વિકલ્પ. આમને આમ એક વર્ષ તો ચાલ્યું પણ એક વર્ષ પછી એક દિવસ મકબુલે નસરીન અને સાહિલને પોતાની ભાડાની ખોલીમાંથી કાઢી મૂક્યાં. મા-દીકરો રીતસર રસ્તા ઉપર જ આવી ગયાં. કેમ કે નસરીન માટે પિયરના ઘરના દ્વાર તો ક્યારનાય બંધ થઈ ગયા હતા. મદદનો એક માત્ર આધાર હવે મહેમૂદ રંગરેજ હતો. તેની પાસે ગયા વિના હવે કોઈ છુટકો નહોતો. આત્મહત્યા કરીને જીવનની સચ્ચાઈથી મ્હોં છુપાવવું તેને મંજુર નહોતું. પરા વિસ્તારમાં

આભાર - નિહારીકા રવિયા આવેલો પોતાનો એક બેડરૂમનો ફ્લેટ મહેમૂદે મા-દીકરાને રહેવા આપ્યો હતો. નસરીને આ અહેસાનની કિંમત ચુકવવાની તૈયારી રાખવાની હતી.

મહેમૂદ રંગરેજની મ્યુઝિકલ પાર્ટીમાં ફિમેલ સિન્ગર તરીકે કામ કરતી રોશની પટેલ એક વાર નસરીનને મળી ગઈ હતી. રોશની અને નસરીને સ્ટેજ ઉપર સાથે કામ કર્યું હોવાથી નસરીને પોતાની જિંદગીની મુસીબતો તેને કહી સંભળાવી. રોશનીએ મદદ કરવાના આશયથી નસરીનને કહ્યું કે એક બૉડી મસાજ પાર્લરમાં તેને નોકરી મળી શકે એમ છે. સારા રૂપિયા મળશે. નસરીને એક નજર સાહિલ તરફ કરી. તે પથારીમાં સૂતા સૂતા લેશનની વર્કબૂક વાંચી રહ્યો હતો. તેની જીવવાની અને ભણવાની ધગશ જોઈને નસરીને રોશનીએ કરેલી ઑફર સ્વીકારી લીધી. તેણે મનોમન નક્કી કરી લીધું કે પોતે દીકરાને ખુબ ભણાવશે અને તેનું બૉનમેરો ટ્રાન્સપ્લાન્ટ ઑપરેશન પણ કરાવશે.